અપીલ અરજી નં.૭૮ તા.૩૦–૬–૦૮

અરજદારઃ શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

***હુકમઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદીની તા.૮–૫–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૦ ફા.પ્લોટ નં.૨૦ ના મહેરનગરના પ્લોટ નં.૧૯૨ થી ૧૯૫,૨૦૯,થી ૨૧૨,૨૨૦ અને ૨૨૧ તથા ટેના.નં.૧૭ બી–૫૩–૫૦૨૧–૦–૦૦૧ ના આકારણી સબંધિત દસ્તાવેજી પુરાવા ગેરકાયદેસર બાંધકામ નોટીસ તા.૧૦–૧૨–૯૯ અને પ્રીલીમનરી નોટીસ નં.૭૫ તા.૧૨–૪–૦૧,અંગે પ્રત્યુત્તર, વિગેરે અંગેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૩૦–૬–૦૮ ની અપીલ અરજી નં.૭૮/–૦૮–૦૯

શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદીની તા.૮–૫–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૦ ફા.પ્લોટ નં.૨૦ ના મહેરનગરના પ્લોટ નં.૧૯૨ થી૧૯૫,૨૦૯,થી ૨૧૨, ૨૨૦ અને ૨૨૧ તથા ટેના.નં.૧૭ બી–૫૩–૫૦૨૧–૦–૦૦૧ ના આકારણી સબંધિત દસ્તાવેજી પુરાવા ગેરકાયદેસર બાંધકામ નોટીસ તા.૧૦–૧૨–૯૯ અને પ્રીલીમનરી નોટીસ નં.૭૫ તા.૧૨–૪–૦૧ ,અંગે પ્રત્યુત્તર, વિગેરે અંગે નિયત સમયમાં કોઈ જ માહિતી મળેલ નહીં હવાના કારણસર એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ બાબતે સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૩ તા.૪–૭–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૮–૫–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોવાથી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી પૂરી પાડવા યોગ્ય માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન..... જાણ તથા અમલમાટે
(૨)શ્રી જયંતભાઈ ચલીયાવાલા મોદી,